અરજી નં.૩૪૬ તા.૧૯–૨–૦૯

અરજદારઃ શ્રી નિતિનભાઈ હસમુખભાઈ ટોપીવાળા
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ
ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિતિનભાઈ હસમુખભાઈ ટોપીવાળાની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી વોર્ડ નં.૧૩ (અઠવા) રે.સ.નં.૧૩ પૈકી વાળી મિલ્કતમાં આવેલ આલીશાન આવાસ રેસી. ફલેટમાં ચાલતી કોર્મશીયલ એકટીવીટી બંધ કરાવવા બાબતે કાર્યવાહી કરવા શું પગલા લીધા તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૯–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૬/૨૦૦૮–૦૯

શ્રી નિતિનભાઈ હસમુખભાઈ ટોપીવાળાની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી વોર્ડ નં.૧૩ (અઠવા) રે.સ.નં.૧૩ પૈકી વાળી મિલ્કતમાં આવેલ આલીશાન આવાસ રેસી. ફલેટમાં ચાલતી કોર્મશીયલ એકટીવીટી બંધ કરાવવા બાબતે કાર્યવાહી કરવા શું પગલા લીધા તે અંગે માહિતી આપવા બાબતે મ. જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર (અઠવાઝોન)ના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા / આ નં. ૪૧૨ તા.૨૪–૧ ૨–૦૮ થી આપેલ જવાબ તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ લગભગ દિન–૨૪ ના વિલબંથી એપેલેટ ઓફિસરને તા.૧૯–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧ ૫૭ તા.૭–૩–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અને ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. તથા અરજદારને વિલંબિત અંગે વાજબીપણાના કારણો અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી કે તેના ઈન્કાર માટે કલમ૮,૯,૧૧ કે ૨૪ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. અરજદારે વિલંબિત અપીલ અરજી અંગે પાઠવેલ પત્ર સબંધે કોઈ વાજબીપણું કે કારણો રજૂ કરેલ નથી.

અરજદારે તા.૧૯–૨–૦૯ ની અપીલથી તેઓએ તા.૧–૩–૦૬ ના રોજ આલીશાન આવાસના પહેલા માળે કેમ્બે ઈન્સ્ટીટયુટના કલાસીસ સવારે ૭.૦૦ થી સાંજે ૭.૦૦ સુધી ચાલે છે તેના લીધે આજુ બાજુ રહેતાં લોકોને તકલીફ પડે છે તથા રેસીડન્ટ ફલેટમાં ચાલથી કોર્મશીયલ એકટીવીટીઝ બંધ કરાવવા આપેલી અરજીના અનુસંધાનમાં તા.૨૮–૧૧–૦૮ ની અરજીથી સા.ઝોન કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી પાસે માહિતી માંગવામાં આવેલ. જેઓએ સા.વે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૬૪ તા.૨–૧૨–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ. જેઓએ નં.ટીડીઓ/૩૮૩૬ તા.૧૭–૧૨–૦૮ થી પુનઃ સા.ઝોન કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ. અરજદારની કાર્યવાહીને લગતી અરજીની માહિતી સબંધેની અરજી અઠવાઝોનને લગતી અને છેલ્લે અઠવાઝોનમાં તબદીલ થયેલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને કોઈ પ્રત્યુત્તર પાઠવી માહિતી આપેલ જણાતી નથી.

મ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ધ્વારા અરજી તબદીલી માટે " હાઈ રાઈઝ બીલ્ડીંગ હોઈ" તેવું કારણ જણાવેલ છે. જયારે મ. જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ધ્વારા " કયા પગલાં લીધા તે જણાવવા માહિતી માંગેલ હોઈ" તેવા કારણસર પરત જાહેર માહિતી અધિકારી અઠવાઝોન કક્ષાએ અરજી તબદીલ કરેલ છે. અરજદારે જાહેર સત્તા મંડળને ફરીયાદ નિકાલ માટે આપેલ અરજી અન્વયે કયા અધિકારી કચેરીની જવાબદારી અને ફરજ રહે છે તે બાબત આરટીઆઈ કાયદાની કલમ–૪ (૧) (બી) ના મુદ્દા નં.૧ થી ૪ હેઠળ સત્તા મંડળના કાર્યો ફરજો, અધિકારી કર્મચારીને ફરજો અને સત્તા, કામના નિકાલ ધોરણો વિગેરે વિગત સહિત સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે છે. તેમ છતાં બંન્ને જાહેર માહિતી અધિકારી કક્ષા પૈકી એકેય ધ્વારા સદર વિગતેના આધાર કે સમર્થનનો સંદર્ભ જણાવી અરજી તબદીલ કરેલ નથી. જે કાયદાના હાર્દ અને જોગવાઈ સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૮–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી સામે અપીલ લગભગ દિન–૨૪ ના વિલંબથી કરવામાં આવેલ છે જે અંગે વિલંબના વાજબીપણાના કારણો રજૂ કરવા પત્રથી તક આપવા છતાં અરજદારે રજૂ કરેલ નથી. જેથી પ્રથમદર્શીય અપીલ અરજી દફતરે કરવા જોગ છે. પરંતુ આરટીઆઈ કાયદાના હાર્દને ધ્યાને રાખી અરજદારની મુળ અરજીના સંદર્ભે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ માહિતી બાબતે અરજી તબદીલી અંગે સુમનપા ધ્વારા લાગત ખાતા/અધિકારીની જવાબદારી મુકરર કરેલ આધાર સહિત જે જાહેર માહિતી અધિકારી ના કાર્યક્ષેત્ર હેઠળ જવાબદારી મુકરર થતી હોય તે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારે માંગેલ માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા બંન્ને જાહેર માહિતી અધિકારીઓને જણાવવામાં આવે છે.

અરજદારની અપીલ અરજી સમય મર્યાદા બહારની હોઈ આ માહિતી પુરી પાડવા જો કોઈ દસ્તાવેજ ફી કલમ–૭ (૧),૭ (૩) તથા નિયમ–૫ હેઠળ ભરવાપાત્ર થાય તો તે ભરાવવાની રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અને ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિતિનભાઈ હસમુખભાઈ ટોપીવાળા,